# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ગાંધીનગરમાં "મેગા યુવા મહોત્સવ"નું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અંતર્ગત ગાંધીનગરના નેહરુ યુવા કેન્દ્ર દ્વારા સપ્ટેમ્બર મહિનામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત "મેગા યુવા મહોત્સવ"નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અંગે વિગતવાર માહિતી આપતા નહેરુ યુવા કેન્દ્રના જિલ્લા યુવા અધિકારીએ જણાવ્યું હતું કે મેગા યુવા મહોત્સવમાં યુવા કલાકાર ચિત્રકલા, યુવા કલાકાર કવિતા લેખન, ફોટોગ્રાફી, વક્તવ્ય સ્પર્ધા, સમૂહ સાંસ્કૃતિક કાર્યક્રમ અને યુવા સંવાદના કાર્યક્રમો યોજાશે.

મેગા યુવા મહોત્સવની સ્પર્ધાઓમાં ગાંધીનગર જિલ્લાના વતની અથવા ગાંધીનગર જિલ્લાના રહેવાસીઓ કે જેમની પાસે ગાંધીનગર જિલ્લામાં રહેઠાણનો પુરાવો છે અને ૧૫ થી ૨૯ વર્ષની વયની યુવા અને યુવતી ભાગ લેવા માટે લાયક રહેશે. વિજેતાઓ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ભાગ લેશે.

પેઇન્ટિંગ, ફોટોગ્રાફી, કવિતા લેખનના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાને અનુક્રમે ૧ હજાર, ૭૫૦ અને ૫૦૦ રૂપિયા, વક્તવ્ય સ્પર્ધાના પ્રથમ, દ્વિતીય, તૃતીય વિજેતાને અનુક્રમે ૫ હજાર, ૨ હજાર અને ૧ હજાર રૂપિયા, સાંસ્કૃતિક સ્પર્ધાના વિજેતાઓને અમુક્રમે ૫ હજાર, ૨૫૦૦ અને ૧૨૫૦ રૂપિયા આપવામાં આવશે અને યુવા સંવાદના શ્રેષ્ઠ ૪ ભાગ લેનારને ૧૫૦૦ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રોથી નવાજવામાં આવશે. ઉક્ત સ્પર્ધામાં ભાગ લેવા માટે વધુ માહિતી માટે અરજદારો ગાંધીનગરના સેક્ટર-૧૬માં નહેરુ યુવા કેન્દ્ર ખાતે અથવા મોબાઈલ નંબર ૯૪૨૭૫ ૮૩૩૨૨ અથવા ૭૫૭૩૮ ૨૯૧૮૭ પર સંપર્ક કરીને ફોર્મ ભરી શકો છો. ઓનલાઈન અથવા ઓફલાઈન ફોર્મ ભરવાની છેલી તારીખ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૨ છે. ઓનલાઈન ફોર્મ ભરવા માટે નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરના ટ્વિટર હેન્ડલ પર ઉપલબ્ધ લિંક દ્વારા ફોર્મ ભરી શકો છો તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

## જીઆઈપીએસમાં હીન્દી દિવસ અન્વયે કવિતા પઠન સ્પર્ધા



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં હિન્દી દિવસના ઉપલક્ષમાં હિન્દીમાં કવિતા બોલવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાપૂર્વક ભાગ લીધો હતો. અને સુંદર કવિતાઓ પ્રસ્તુત કરી હતી. આચાર્યાએ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી બિરદાવ્યા હતા.

# વોર્ડ નં. ૭માં વાવોલ ખાતે વેક્સિનેશન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા દ્વારા મહાનગરપાલિકાના વોર્ડ નં.૭માં વાવોલ ખાતે કોવિડ વેક્સિનેશન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ વાવોલની શાલીન-૨ અને સંકલ રેસિડેન્સી ખાતે યોજાવામાં આવ્યો હતો જેમાં આશરે ૧૫૦થી વધુ વ્યક્તિઓએ બુસ્ટર ડોઝ મેળવ્યો હતો. આ પ્રસંગે શહેરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ તેમજ સમસ્ત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના શહેર પ્રમુખ સુનિલ ત્રિવેદી, યુવા પાંખના પ્રમુખ જિજ્ઞેશ રાવલ અને મહામંત્રી મનોજ જોષી, ભાજપના મહિલા કાર્યકર નલીનીબેન શ્રીવાસ્તવ સહિત બંને સોસાયટીના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના વોર્ડ નં.૭ના પ્રમુખ અશ્વિન રાવલ તેમજ પ્રકાશ ઠાકર, મનિષભાઈ અને રીપલભાઈ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# શારીરિક શિક્ષણ વિભાગની પ્રથમ આંતરગૃહ સ્પર્ધા ક્રોસકન્ટ્રીનું આયોજન કરવામાં આવ્યું



ગાંધીનગર,તા.૧૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરામાં પ્રથમ આંતરગૃહ સ્પર્ધા ક્રોસકન્ટ્રીનું આયોજન કરવામાં આવ્યું જેનાં ઉદ્ ઘાટન પ્રસંગે ડૉ. મગનભાઈ તાળા, શ્રી વિજયભાઈ ચૌધરી અને શ્રી મહેશભાઈ દેસાઈ ઉપસ્થિત હતા શારીરિક શિક્ષણ વિભાગનાં બધાજ વિધાર્થીઓને ચાર ભાઈઓ અને બે બહનોનાં ગૃહ એમ પ્રતાપ ગૃહ , સુભાષ ગૃહ , શિવાજી ગૃહ , સરદાર ગૃહ, પ્રતાપ ગૃહ અને લક્ષ્મીબાઈ તેમજ અહલ્યા બાઈ ગૃહમાં વેહેચવામાં આવે છે અને સમગ્ર વર્ષ દરમ્યાન લગભગ ૧ થી ૧૨ ખુબજ લોકપ્રિય રમતોનાં અયોઅજન કરવામાં આવે છે

પ્રથમ આંતરગૃહ સ્પર્ધા ક્રોસકન્ટ્રીમાં ભાઈઓનાં વર્ગમાં વિજેતા તરીકે શ્રી નીરવ બાબરીયા, શ્રી મહેશ ઝાપડીયા અને શ્રી હામાંભાઈ ભમર આવ્યાં હતા જયારે બહનોનાં વર્ગમાં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે જીનલ વ્યાસ, સરીલા પાડવી અને તેજલ કોકનીએ પ્રાપ્ત કર્યું હતું જેમને આંતર ગૃહ અધ્યક્ષ ડૉ. નીરજ સિલાવટ તરફથી ૫૦૧, ૨૫૧ અને ૧૫૧ રૂપિયા રોકડા પુરસ્કાર આપવામાં આવ્યા હતા કાર્યક્રમનું આયોજન અને સંચાલન આંતર ગૃહ સ્પર્ધાનાં કન્વીનરશ્રીઓ રાજન રાવલ, વિશાલ મકવાણા, કુંદન મકાણી અને વૈશાલી માડમ દ્વારા કરવામાં આવ્યું હતું

જેમાં દરેક ગૃહનાં નાયકોનું વિશેષ ફાળો રહ્યો હતો સંપૂર્ણ કાર્યક્રમ ડીનશ્રી ડૉ. જગદીશ ચન્દ્ર સાવલિયા અને આંતર ગૃહ સ્પર્ધાનાં મદદનીશ અધ્યક્ષ ડૉ. નિમેશ ભાઈ ચૌધરીનાં નેજા હેઠન કરવામાં આવ્યું હતું

## ચિલોડા ઓવરબ્રીજ પાસે સર્વીસરોડ પર ખાડા પુરવા રિસફરીંગની કામગીરીનો આરંભ



ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર જિલ્લાના મુય પ્રવેશદ્વારા સમા ચિલોડા સર્કલ પાસેનો ઓવરબ્રીજ બાજુમાં સર્વીસરોડ ઉબડ ખાબડ રસ્તો થઈ જતાં વાહનચાલકોને ભારે પરેશાન વેકવી પડી હતી. આવા ઉપરાંત ચિલોડાથી નરોડા જતો ઓબરબ્રીજના છેડે માર્કેટ યાર્ડ નજીક રસ્તા પર ભયંકર ખાડા-ટેકરાથી વાહન ચાલકોને ભારે હાલાકીકે અકસ્માતનો ભય સતાવતો હતો.

ત્યારબાદ બે દિવસ પહેલા તંત્રદ્વારા બસ સ્ટેન્ડ અગળ રોડ પર કપચી અને ડામર દ્વારા કામગીરી કરવાથી રાહતની લાગણી પ્રસરવા પામી છે.



ગાંધીનગર જીલ્લા યુથ કોંગ્રેસ દ્વારા દહેગામ ખાતે પરીવર્તન રેલીનુ આયોજન કરવામા આવ્યુ હતું જેમા કોંગ્રેસ ના પ્રદેશ, જિલ્લા અને સ્થાનિક નેતાઓ ,તેમજ દહેગામ યુથ કોંગેસના યુવા કાર્યકરો ખુબ મોટી સંખ્યા માં હાજર રહયા હતા અને પરિવર્તન રેલી ને સફળ બનાવી હતી.

